# દહેશત

**પર અમે કવિતા મંગાવી હતી. તેને વાચકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. અમે અહીં શક્ય એટલી કવિતા સમાવી છે. વાચકો તમે ઉત્સાહભેર કવિતા મોકલતા રહેશો**

## ‘અહંકાર’ પર કાવ્ય મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે ‘સન્નારી’માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. **વાચકોને ખાસ વિનંતી કે કાવ્ય ટૂંકાં મોકલે જેથી વધુ કાવ્યો સમાવી શકાય. લાંબા કાવ્યને ગણતરીમાં લેવામાં આવશે નહિ.** આ વખતનો વિષય છે **‘અહંકાર’**. તમારી મૌલિક કૃતિ અમને 10-10-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો. Email:sannari@gujaratmitra.in - સંપાદક



## ગઝલ

સઘળાં કરી રહ્યા છે રાવ, દહેશતમાં
તનાવયુક્ત થયો છે સ્વભાવ, દહેશતમાં
શાંતિ-મંત્રણાથી પણ કશું વળે નહિ
પસાર થાય છે ઠરાવ, દહેશતમાં
યુદ્ધના ભય હેઠળ છે સઘળું જગત,
બસ, ધપી રહી છે જીવનની નાવ દહેશતમાં
માનવ-હત્યાની તો ગણતરી જ નથી.
છે રક્તથી છલોછલ તળાવ, દહેશતમાં
**- ઈમરાન ખાન, કઠોર**

## દહેશત હેઠળ જીવતો માણસ

રોજ ઘરેથી નીકળતો માણસ
જાણે છેલ્લું આવજો કહેતો માણસ!
સતત દોડતો ભાગતો માણસ
સતત છેતરાતો ને અકળાતો માણસ!
સઘળી હવાને આ વાતાવરણ ભારે ભારે
ખુલ્લી હવા ને ‘હાશ’ શોધતો માણસ!
સંબંધો ખૂટ્યા ને દેખાડવા વ્યવહારો વધ્યા
હંમેશ લાગણી ને હૂંફ શોધતો માણસ!
મારોકાપોની વાત સાંભળતો માણસ
દિલથી ક્યાં કશું કરતો માણસ?
કોણ સાચું કોણ ખોટું એ ક્યાં કળાતું?
સતત એક દહેશત હેઠળ જીવતો માણસ!
**- રીટા સંજય વશી (સુરત)**

## ગઝલ

કાન્હાએ પકડી મારી આંગળી રે,
પછી ડર કઇ વાતનો લાગે રે.
કર્મના પંથે એ દહેશત જગાડતો રે,
કપટ ભરી માનવજાતને સબક શીખવતો રે.
પૈસાના જોરે માનવ ભય ફેલાવતા રે,
દુનિયાને પોતાની મુઠ્ઠીમાં સમજતો રે.
એક મુઠ્ઠી તાંદુલ ભાવના ભૂખ્યા રે.
દિલથી બનાવ તું સંબંધોની માળા રે.
હે માનવ! તું બન દિલથી સરળ રે.
એની છત્રછાયામાં ભયમુક્ત બની જા રે.
**- સંગુ કમલ શાહ (સુરત)**

## માણસાઈની દહેશત

દહેશતની આ દુનિયામાં
જીવતો માણસ
લાગણી- હાવભાવને ના ઓળખતો આ માણસ
ના માણસાઈના સથવારે રહેતો
છે તો એક માણસ !!
ચાલતો શ્વાસ ક્યારે થંભી જશે એ ના જાણતો
આ માણસ
છે તો એક માણસ !!
જીવતા માણસની દહેશત દેખાય છે
મરી ગયા પછી ક્યાં જશે માણસાઈની દહેશત ???
**- ભૂપેન્દ્રકુમાર રાણા (સુરત)**

## ભીતરનો ભય

બંધ આંખોના અજ્ઞાત ચહેરા હૈયું કંપાવે છે,
એકાંતમાં ભીતર છુપાયેલો ભય સતાવે છે.
હૈયામાં હામ ધરી રાખી છે તોય
ક્યારેક પગરવનો રવ પણ ડરાવે છે.
પંડના પડછાયા પણ શત્રુ થયા છે,
ભીતરે હિંમતનો તણખો ભયને ભગાડે છે.
ખુદના વિચારોથી ઘેરાયેલો માનવી,
ક્યારેક રસ્સીને પણ સાપ બનાવે છે.
**- હિતેન્દ્ર ટેલર (નવસારી)**

## ભય શેનો?

‘દહેશત’, ‘દહેશત’, ‘દહેશત’!
કેમ હૈયે આ ભયનો વાસ?
ભય શેનો, હે મન મારા?
શ્રીકૃષ્ણ છે, તારી પાસ!
નિષ્ફળતાનો ભય? મહેનતને બનાવ તું શ્વાસ!
ભવિષ્યનો ભય? આજમાં જીવ, આજમાં ખાસ!
સ્વાસ્થ્યનો ભય? કસરત રાખજે તારી આશ!
છળકપટનો ભય? સત્ય રાખજે હૈયે વાસ!
અંધારાનો ભય, દિલમાં પ્રગટાવજે પ્રકાશ!
ક્રોધનો ભય? શાંતિ રાખજે મનની પાસ!
પંચતત્ત્વોનો ભય? આત્મવિશ્વાસ તારો સાથ!
માણસનો ભય? હિંમતથી કરજે પ્રતિકાર!
ધનદૌલતનો ભય? સંયમ રાખજે તારા સાથ!
નિરાશાનો ભય, આનંદને બનાવજે વિશ્વાસ!
દહેશત હોવી જોઈએ એક જ,
ખોટું કામ ન થાય તારા હાથ;
તું મારી અનુયાયી ‘રાજી’,
હું તારી સાથે દિન ને રાત!
ભય નહીં, ભક્તિ હૈયે રાખ,
કર્મ કરજે નિષ્કામ ખાસ;
શ્રીકૃષ્ણની અનુયાયી બન,
એ જ જીવનનો સાચો પ્રકાશ!
**-ડો. રાજલ સુખીયાજી ચલીયાવાળા (ફ્રાન્સ)**

## મનનો અજાણ્યો ભય

ક્યારેક કોઈ અવાજ નથી હોતો,
છતાં મનમાં શોર ઘણો હોય છે
ખોવા માટે કંઈ નથી હોતું,
પણ ખોવાઈ જવાનો ડર હોય છે.
રાત તો રોજ આવે છે,
અંધારું પણ રોજ થાય છે,
પણ દહેશત ત્યારે થાય છે,
જ્યારે પોતાના જ મનના ખૂણામાં
કોઈ અજાણ્યો ડર છુપાઈ જાય છે.
અને સૌથી અજીબ વાત તો એ છે–
એ ડર કોઈ બીજાનો નથી હોતો,
એ તો પોતાના જ વિચારોનો હોય છે.
**- નિરાલી ઠોરિયા (મોરબી)**



## દહેશત

જીવી રહ્યો છે માનવી આજે,
દહેશતભરી જિંદગી!
લડાઈઝગડા બે દેશના,
ને ફેલાતી દહેશત નાગરિકોમાં!
જોઈ હાલાકી આસપાસની,
ફેલાતી દહેશત બાળકોમાં!
કોણ સમજાવે આ માસૂમોને,
છે દહેશત આ દેશોને સત્તા ટકાવવાની!
**- સ્નેહલ રાજન જાની (સુરત)**

## માણસાઈની દહેશત

જવાનો છે દહેશતમાં.
જ હિફો છે દહેશતમાં.
વધે ભાવો ઘટે આવક,
ગરીબો છે દહેશતમાં
અમીરી પણ રહે ના તો?
અમીરો છે દહેશતમાં.
ફકીરીમાં ભટકનારા,
ફકીરો છે દહેશતમાં.
શરાફતની કદર કોને?
શરીફો છે દહેશતમાં.
દવાઓ કામ ના લાગે!
મરીઝો છે દહેશતમાં.
કસોટી છે દવાઓની
તબીબો છે દહેશતમાં
જજોનો ફૈંસલો મોહિન.
અસીલો છે દહેશતમાં
**- મોહિન મલિક (સુરત)**

## ગઝલ

આ ધરા શેકાય એવી છે દહેશત,
સૂર્ય ગુસ્સે થાય એવી છે દહેશત.
મૂર્તિ પણ સુંદર બનાવો એ પછીથી,
માનવી ગભરાય એવી છે દહેશત.
ઝાડવાને પૂછજો કુહાડી વિશે
ચીસ જે પડઘાય એવી છે દહેશત.
ગુપ્ત રાખો વાત શસ્ત્રોની હવેથી,
લ્યો, પ્રભુ ગભરાય એવી છે દહેશત.
પ્યાસને વાળો નદીની રેતકણમાં,
ઝાંઝવા તરસાય એવી છે દહેશત.
ભીડ રાખો દંભને છેટી હૃદયથી,
સત્ય ના સમજાય એવી છે દહેશત.
**- રમેશ પટેલ (સુરત)**

## ડર કોનો?

દહેશત એટલે સપનું નહિ, જાગતી રાત છે,
શ્વાસ ચાલે છે પણ જીવ અડધી વાત છે.
બહાર બધું શાંત છે, અંદર તોફાન છે,
હસતો ચહેરો રાખું છું, આંખોમાં વાવાઝોડાનું ભાન છે.
લોકો કહે ડર કોનો, મને મારો જ ડર છે,
હું જ મને નડું છું, એ જ સૌથી મોટો ડર છે.
ભીડમાં એકલો લાગું, એકલતામાં ભીડ છે,
દહેશતને નામ દઈ દીધું, બાકી તો આ જ જિંદગીની રીત છે
અંધારું ઓઢીને બેઠો, સવારની શોધમાં છું,
દહેશત ગઈ, હવે હું શાંતિની ગોદમાં છું.
**- હેમંતકુમાર નાયક (નવસારી)**

## બનાવી લો જિંદગીને રંગોળી

આ ડરનું તોફાન, ભયનું સંગીત
સૂર સરગમ સાથે વગાડે તો એ જાય દૂર દૂર,
મનનો એ ખૂણો જે શોર મચાવે છે
હાયકારો કરાવે છે તે તો ઘણી વાર નીકળે છે અકારણ
તો પછી પડ્યા તેવું દેવાશે એમ વિચારી કેમ નથી મરાતી ગોળી,
શૂળ શા માટે ઊભું કરવું પેટ ચોળી
જીવનમાં નથી જોઈતી તેવી હોળી
ડરને જ જો ભગાવશો જીવનમાં ખોળી ખોળી
તો છે વાર્તા મસ્તીની ટીંગાટોળી
મળી જશે આનંદ, સુખની ઝોળી
ડર જ સપનાંને કરી નાંખે છે રોળી
જીવનમાં જે વસ્તુ લાગે ડરને લીધે મોળી
તો હિંમતથી ભગાવી બનાવી લો જિંદગીને રંગોળી
**- રીટા મંગેશ ઉપાધ્યાય**